सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૭/૦૬/૨૦૨૨. | | |
| ફેસલ તારીખ | ૨૯/૦૫/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૧૧ | ૦૨ |

**નામ. સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/17 તથા ક્રિમિનલ મેન્યુઅલનાં ચેપ્ટર-VI નાં 179Aઅન્વયેનાં નોટિફિશન નં.સી-૨૦૦૧-૯૩, તા.૨૦/૫/૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

## FORM-A

# જામનગરનાં મ્હે. સ્પેશીયલ (ઈલે.) જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

નેહલકુમાર રાજેશભાઈ જોષી, સ્પે. (ઈલે.) જજ, જામનગર.
(ચુકાદાની તા.૨૯/૫/૨૦૨૬)

સ્પેશીયલ (ઈલે.) કેસ નં.૨૨૩/૨૦૨૨..
આંક-૭૩.

**એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::-**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | જી.યુ.વી.એન.એલ., જામનગર,<br>સેકન્ડ ગુ.ર. નં.૧૭૯/૨૦૨૨. |
| ગુન્હો | ધી ઈન્ડિયન ઈલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫. |
| તહોમતનામા મુજબ તહોમત | ધી ઈન્ડિયન ઈલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫. |
| ફરીયાદી | શ્રી સરકાર. (મુળ ફરીયાદી : ધિરેન ભવાનભાઈ મિયાત્રા.) |
| વિ.એ.પી.પી. શ્રી | ડી.આર. ત્રિવેદી. |
| આરોપી | દિગ્વિજયસીંહ લઘુભા જાડેજા, ઉ.વ. ૩૬, ધંધો : ખેતી, રહે.જાલણસર(બારીયા ગામ), તા.કાલાવડ, જી.જામનગર. |
| આરોપી તરફે વિ.વ. શ્રી | સી.કે. નથવાણી. |

## FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૦/૦૧/૨૦૨૨. |
| ફરીયાદની તારીખ | ૨૦/૦૧/૨૦૨૨. |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | ૧૮/૦૫/૨૦૨૨. |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૫/૦૭/૨૦૨૨. |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૬/૦૮/૨૦૨૨. |
| ચુકાદો સંક્ષીપ્તમા રાખ્યા તારીખ | ૨૧/૦૫/૨૦૨૬. |
| ચુકાદાની તારીખ | ૨૯/૦૫/૨૦૨૬. |
| સજાનાં હુકમની જો કોઇ તારીખ હોય તો | - |

## આરોપીની વિગત ::-

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામા આવેલ હોય તો, તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામા આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડ કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દિગ્વિજય સીંહ લઘુભા જાડેજા. | ૧૮/૫/૨૦૨૨. | ૧૮/૫/૨૦૨૨. | ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબ. | કસુરવાર. | આખરી હુકમ મુજબ. | |

## <u>FORM-C</u>

ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટનાં સાહેદોનું લીસ્ટ ::-

**(એ) ફરીયાદ પક્ષ તરફે** ::-

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૦૧. | જશમત શામજીભાઇ અજુડીયા | સ્થાનિક જગ્યાનાં પંચનામાનાં પંચ | ૭ |
| ૦૨. | ધિરેન ભવાનભાઇ મિયાત્રા | ફરીયાદી | ૧૧ |
| ૦૩. | સુભાષભાઇ રાઘવજીભાઇ | ચેકીંગ ટીમનાં સભ્ય | ૧૪ |
| ૦૪. | યોગેશ રાજશીભાઇ કોરીયા | -”- | ૧૮ |
| ૦૫. | નિર્મળસીંહ વનરાજસીંહ | -”- | ૨૧ |
| ૦૬. | શુભદ્રાબેન કુલજીભાઇ ભંડેરી | તપાસ કરનાર અધિકારી | ૨૨ |
| ૦૭. | મધુબાળા કેશવગર | -”- | ૩૨ |
| ૦૮. | વિનોદ કલીયાભાઇ ભાભોર | ખાણમા કામ કરતા મજુર | ૩૯ |
| ૦૯. | કાજુભાઇ કેશવભાઇ પસાયા | -”- | ૪૦ |
| ૧૦. | અનિલભાઇ ભિમાભાઇ વાઢેળ | માઇન્સ સુપરવાઇઝર | ૪૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૧. | દેવાંગ વિજયકુમાર રામાવત | સર્કલ ઓફિસર | ૪૬ |
| ૧૨. | અશોક ભિમજીભાઇ ચૌધરી | રોયલ્ટી ઇન્સપેકટર | ૪૯ |
| ૧૩. | મનહરસીંહ દિલિપસીંહ જાડેજા | સ્થાનિક જગ્યાનાં પંચનામાનાં પંચ | ૫૪ |
| ૧૪. | અમિત લવજીભાઇ મકવાણા | પી.એસ.ઓ. | ૫૫ |

## (બી) બચાવ પક્ષ તરફે જો સાહેદ હોય તો ::-

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

## (સી) કોર્ટ સાહેદ જો હોય તો ::-

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

## ફરીયાદ પક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૦૧. | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૮ |
| ૦૨. | ફરીયાદ | ૧૨ |
| ૦૩. | ફરીયાદ નોંધવાની યાદી | ૧૩ |
| ૦૪. | એનેક્ષ્ચર-૪ | ૧૫ |
| ૦૫. | તપાસણી અહેવાલ | ૧૬ |
| ૦૬. | આરોપીનાં આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડની ખરી નકલ | ૨૩ |
| ૦૭. | ગેઇટપાસ | ૨૪ |
| ૦૮. | સી.ડી. | ૨૫ |
| ૦૯. | નોટીસ | ૨૬ |
| ૧૦. | મુદ્દામાલની યાદી | ૨૭ |
| ૧૧. | ગુન્હાની જાણ કરતી યાદી | ૨૮ |
| ૧૨. | રકમ ભરપાઇ કરવાની યાદી | ૨૯ |
| ૧૩. | પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર | ૩૧, ૬૭ |
| ૧૪. | ભુસ્તર શાસ્ત્રીનો પત્ર | ૪૨ |
| ૧૫. | પંચ રોજકામ | ૪૩,૫૩ |
| ૧૬. | સિઝર મેમો | ૪૪ |
| ૧૭. | કારણદર્શક નોટીસ | ૪૫, ૫૧ |

| | | |
|---|---|---|
| ૧૮. | સ્થળની માહિતિ આપ્યાનો પત્ર | ૪૭ |
| ૧૯. | માહિતિ આપવાનો આદેશ | ૪૮ |
| ૨૦. | સ્થળની માહિતિ મળ્યાની યાદી | ૫૦ |
| ૨૧. | ફોર્મ-જે | ૫૨ |
| ૨૨. | સ્ટેશન ડાયરીનાં ઉતારાની ખરી નકલ | ૫૬ |
| ૨૩. | એફ.આઇ.આર. | ૫૭ |
| ૨૪. | તપાસ સોંપ્યાની યાદી | ૫૮ |
| ૨૫. | મામલતદારશ્રીને કરેલ યાદી | ૬૩ |
| ૨૬. | પુરવણી બિલ અને પત્ર | ૬૮, ૬૯ |
| ૨૭. | સરકયુલર | ૭૦ |

**બચાવ પક્ષ તરફે અંકિ પડેલ દસ્તાવેજી પુરાવાઓ** ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**કોર્ટ તરફે અંકિ પડેલ દસ્તાવેજી પુરાવાઓ** ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

## -:: ચુકાદો ::-

**૧.** આ કામનાં આરોપી વિરુદ્ધ ધી ઇન્ડિયન ઇલેક્ટ્રિસિટિ એક્ટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવવામા આવેલ છે.

**૨.** ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન કાલાવડ તાલુકા નાં જાલણસરગામની સીમમા, પાણીનાં સંપવાળા ખોડિયાર મંદિર તરફ જતા કાચા રસ્તે સરકારી ખરાબાની રે.સ. નં.૧૩૮ વાળી જગ્યા મા આવેલ સફેદ પથ્થરની ખાણમા આરોપીએ ૨૦૦ મિટર દુર આવેલ પી.જી.વી.સી.એલ. કંપનીની ૧૧ કે.વી. જાલણસર એ.જી. લાઇનનાં

ટી.સી. નં.૨૪૩ મા કેબલ વાયરથી જોડાણ કરી, વિજ પુરવઠો મેળવી રૂા.૯,૪૮,૪૮૪-૪૭ પૈસાની વિજ ચોરી કરેલ હોવા મતલબની ફરીયાદ ફરીયાદીએ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, જામનગરમા પોલીસ સ્ટેશન ઓફિસર સમક્ષ નોંધાવતા ધી ઇન્ડિયન ઇલેક્ટ્રિસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર ગુન્હો મુજબ ગુન્હો રજીસ્ટર્ડ કરી તપાસનાં અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા વિ.જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કાલાવડ સમક્ષ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે.

૩. સદર કામે આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળ્યાની તેમજ બચાવ માટે સરકારી વકિલશ્રીની જરૂર છે કે કેમ? તેવી ખાત્રી કરતા તેઓ એ પોતાનાં ખર્ચે વકીલશ્રી રોકેલ હોવાનું જણાય છે. ત્યાર બાદ, સદર ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની એકમાત્ર સત્તા સ્પેશીયલ અદાલતને હોય, વિ.જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કાલાવડનાંઓએ આ કેસ સેશન્સ અદાલતને ટ્રાન્સમીટ કરેલ છે. ત્યાર બાદ, આ સ્પેશીયલ કેસની સુનાવણી આ સ્પેશીયલ અદાલત મારફત હાથ ધરવામા આવેલી છે.

૪. આ કામનાં આરોપી વિરુદ્ધ અત્રેની કોર્ટ દ્વારા આંક-૪ થી ધી ઇન્ડિયન ઇલેક્ટ્રિસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબનાં ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવી આંક-૫ થી જવાબ લેતા તેઓએ ગુન્હાનો ઇન્કાર કરતા તેઓ વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલી છે. જેમા ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

૫. ઉપરોકત મુજબનો પુરાવો લીધા બાદ ક્રિ.પ્રો. કોડ કલમ-૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન લેવામા આવેલ છે. જેમા આરોપીએ તેઓ

વિરુદ્ધ પડેલા પુરાવાઓનો ઇન્કાર કરેલ છે તેમજ તેઓ તદ્દન નિર્દોષ હોવાનું અને તેઓને સદર ગુન્હામા ખોટીરીતે સંડોવી દેવામા આવેલા હોવાનું જણાવેલ છે.

૬. ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી પોતાની મૌખીક દલીલોમા મુખ્યત્વે જણાવે છે કે, ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓને આધીન આરોપી વિરુદ્ધ ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ અન્વયેનો ગુન્હો પુરવાર કરેલ હોય, આરોપીને મહત્તમ સજા કરવી જોઇએ.

૭. આરોપી તરફે તેમનાં વિ.વ.શ્રીએ આંક-૭૨ ની લેખીત તથા મૌખીક દલીલમા મુખ્યત્વે જણાવેલ છે કે, આરોપીએ આક્ષેપિત ગુન્હા સબંધેનું કોઇ જ કૃત્ય કરેલ નથી અને પોલીસ દ્વારા તેઓને ખોટીરીતે સંડોવી દેવામા આવેલ છે. ફરીયાદ પક્ષ દ્વારા માત્ર કામગીરી બતાવવા માટે કહેવાતુ ચેકીંગ કરેલ છે અને આરોપીને ખોટીરીતે સંડોવી દીધેલ છે. બનાવવાળુ સ્થળ આરોપીની માલીકી, કબજા, ભોગવટાનું હોવાનો કોઇ પુરાવો રજુ થયેલ નથી તેમજ પુરાવા અધિનિયમની કલમ-૬૫ (બી) નું સર્ટિફિકેટ પણ પુરવાર કરેલ નથી કે મુદામાલ કબજે કર્યો હોય તે સબંધે કોઇ પુરાવો રજુ નથી. વિશેષમા, આંક-૮ તથા આંક-૪૭ નાં દસ્તાવેજોમા દર્શાવેલ ચર્તુદિશાઓ અલગ છે, તેથી કઇ જગ્યાએ વિજ ચેકીંગ થયુ, તે પણ પુરવાર થતુ નથી. આ તમામ સંજોગો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી વિરુદ્ધ મુકવામા આવેલ તહોમત પુરવાર કરવા મા નિષ્ફળ ગયેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

૮. ઉપરોકત સંજોગોમા આ કેસનાં નિર્ણય માટે નીચેનાં મુદાઓ ઉપસ્થિત થાય છે ::-

**૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે, તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન કાલાવડ તાલુકાનાં જાલણસરગામની સીમમા, પાણીનાં સંપવાળા ખોડિયાર મંદિર તરફ જતા કાચા રસ્તે સરકારી ખરાબાની રે.સ. નં.૧૩૮ વાળી જગ્યામા આવેલ સફેદ પથ્થરની ખાણમા આરોપી એ ૨૦૦ મિટર દુર આવેલ પી.જી.વી.સી.એલ. કંપનીની ૧૧ કે.વી. જાલણસર એ.જી. લાઇનનાં ટી.સી. નં.૨૪૩ મા કેબલ વાયરથી જોડાણ કરી, વિજ પુરવઠો મેળવી રૂા.૯,૪૮,૪૮૪-૪૭ પૈસાની વિજ ચોરી કરી ધી ઈન્ડિયન ઈલેક્ટ્રિસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ?

**૯.** ઉપરોકત મુદાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે ::-

**૧.** હકારમા.

**૨.** આખરી હુકમ મુજબ.

-:: **કારણો** ::-

**૧૦.** આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપી તરફે તેમનાં વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેતા આરોપી વિરુદ્ધ ધી ઈન્ડિયન ઈલેક્ટ્રિ સિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ અન્વયે શીક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા સબબ તહોમતનામુ ફરમાવવામા આવેલ છે ત્યારે, ફરીયાદ પક્ષ આ કામે રજુ થયેલ પુરાવાઓને આધીન આરોપી વિરુદ્ધનો ગુન્હો પુરવાર કરે છે કે કેમ? તે માટે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખીક પુરાવાઓની ચર્ચા કરવી જરૂરી છે.

**ફરીયાદી અને સાહેદોનાં પુરાવાની ચર્ચા** ::-

**૧૧.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૨ તરફે ફરીયાદી ધિરેનભાઇ ભવાનભાઇ મિયાત્રાને આંક-૧૧ થી તપાસવામા આવેલા છે અને આંક-૧૨, ૧૩

અને ૬૭ થી ૭૦ સુધી ફરીયાદ, ફરીયાદ નોંધવાની યાદી, પુરાવા અધિનિયમ ની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર, પુરવણી બિલ, પત્ર અને સરકયુલર રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, બનાવનાં અરસામા કાલાવડ સબ વેસ્ટ ડિવિઝનમા નાયબ ઈજનેર તરીકે ફરજમા હતાં ત્યારે, આ કામની ફરીયાદ ગુન્હો દાખલ કરવા માટે મોકલી આપેલ અને ચેકીંગ અધિકારીએ મોબાઇલમા વિડિઓગ્રાફિ આપેલી તેની સી.ડી. બનાવેલી.

**૧૧.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, તેઓએ માત્ર રેકર્ડ આધારે ફરીયાદ કરેલ છે અને જાત તપાસ કરવા ગયેલ નહીં. તેઓ સ્વિકારે છે કે, ચેકીંગ અધિકારીએ ચેકીંગવાળી જગ્યાએ જ ચેકીંગની કામગીરી કરેલી છે કે નહીં તે તેઓ કહી શકે નહીં, ફરીયાદમા વિજ પોલ નંબર કે ટી.સી.નાં નંબરનો ઉલ્લેખ નથી અને ફરીયાદમા ચેકીંગવાળો વિસ્તાર પાણીનાં સંપવાળો ખોડિયાર મંદિર તરફ જતો કાચો રસ્તો લખેલ છે તે વિસ્તાર પોલીસ રૂબરૂ નાં નિવેદનમા જાહેર કરેલ નથી.

**૧૧.૨.** પોલીસે તેઓની પાસેથી વાયર કે અન્ય કોઇ વસ્તુ પંચનામુ કરી કબજે લીધેલ નથી. તેઓ સ્વિકારે છે કે, ફરીયાદ સાથે આરોપી વિજ ચેકીંગ વાળી જગ્યાનાં કબજેદાર હોય તેવો કોઇ પુરાવો તેમણે આપેલ નથી કે પોલીસે તપાસ દરમિયાન કબજે લીધેલ નથી. તેઓની પાસેથી આંક–૨૫ વાળી સી.ડી. પોલીસે એફ.એસ.એલ.મા મોકલવા પંચનામુ કરી કબજે લીધેલ નથી.

**૧૨.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૩ તરીકે ચેકીંગ ટીમનાં સભ્ય સુભાષભાઇ રાઘવજીભાઇને આંક–૧૪ થી તપાસવામા આવેલા છે અને આંક–૧૫, ૧૬ થી એનેક્ષ્ચર–૪ અને તપાસણી અહેવાલ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૦/૧/૨૦૨૨

નાં રોજ રૂરલ ડિવિઝનમા નાયબ ઈજનેર તરીકે ફરજમા હતાં ત્યારે, સાથી અધિકારી સાથે આરોપીની બેલાની ખાણમા ચેકીંગ કરી સાથી અધિકારીએ રોજકામ કરી, ચેકીંગ શીટ ભરી, એનેક્ષ્ચર-૪ તૈયાર કરેલ.

**૧૨.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, તેઓએ વિજ ચેકીંગ કરેલુ તેની માલીકી અને કબજા બાબતનાં પુરાવા રજુ કરેલ નથી, તેઓ સરકારી વાહનમા ચેકીંગ માટે ગયેલા તેની લોગબુક રજુ કરેલ નથી. તેઓ સ્વિકારતા નથી કે, આજુબાજુનાં સાહેદોનાં નિવેદનો લીધેલા નથી.

**૧૩.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૪ તરીકે ચેકીંગ ટીમનાં બીજા સભ્ય યોગેશ રાજશીભાઈ કોરીયાને આંક-૧૮ થી તપાસવામા આવેલા છે, તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ જામજોધપુર ડિવિઝનમા નાયબ ઈજનેર તરીકે ફરજમા હતાં ત્યારે, સાથી અધિકારી સાથે આરોપીની બેલાની ખાણમા ચેકીંગ કરી સાથી અધિકારીએ રોજકામ કરી, ચેકીંગ શીટ ભરી, એનેક્ષ્ચર-૪ તૈયાર કરેલ.

**૧૩.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારતા નથી કે, બનાવનાં દિવસે તેઓ જામ જોધપુરમા ડેપ્યુટી એન્જિનિઅર તરીકે ફરજ બજાવતા ન હતાં. સાહેદ જણાવે છે કે, તેમણે જે વ્યકિતને આરોપીનું નામ પુછેલ તે વ્યકિત બનાવવાળી જગ્યાએ મજુર તરીકે કામ કરતા હતાં. તેઓ સ્વિકારે છે કે, સદર જગ્યા ખરાબાની જગ્યા હતી અને કાર્યવાહી દરમિયાન ભુસ્તર શાસ્ત્રી વિભાગનાં કર્મચારી હાજર ન હતાં. સાહેદ જણાવે છે કે, તેઓ ને જાણ કરેલી પરંતુ તેઓ જગ્યા પર લેઈટ આવેલા. તેઓ સ્વિકારે છે કે, વિડિઓગ્રાફિ અંગે ૬૫(બી) નું સર્ટિફિકેટ રજુ કરેલ નથી.

**૧૪.** ચેકીંગ ટીમનાં અન્ય સભ્ય નિર્મળસીંહ વનરાજસીંહ જાડેજાને સાહેદ નં.૫ તરીકે આંક–૨૧ થી તપાસવામા આવેલા છે, તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ લાઇનમેન તરીકે ફરજમા હતાં ત્યારે, સર્કલ ઓફિસ, જામનગરની સુચના મુજબ આઇ.સી. સ્કવોર્ડનાં સ્ટાફ સાથે આરોપીની ખાણમા ચેકીંગ કરી ઉપરી અધિકારીએ કાગળો તૈયાર કરી, મુદામાલ કબજે કરી, ફોટોગ્રાફિ અને વિડિઓગ્રાફિ કરેલ.

**૧૪.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ ચેકીંગ મા જવાનું છે તે બાબતની કોઇ લેખીત મંજુરી મળેલ નહીં, ચેકીંગ સ્થળ ઉપર સ્વતંત્ર સાહેદોને હાજર રખાવી મુદામાલ કબજે કર્યાનું પંચનામુ કરેલ નથી, ખાણ આરોપીનાં કબજાની છે તે બાબતનો કોઇ આધાર કબજે કરેલ નથી અને ચેકીંગ અંગેની કાર્યવાહી ઉપરી અધિકારીની સુચનાથી કરેલ હતી.

**૧૫.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૦ તરીકે માઇન્સ સુપરવાઇઝર અનિલ ભાઇ ભિમાભાઇ વાઢેળને આંક–૪૧ થી તપાસવામા આવેલા છે અને આંક–૪૨ થી ૪૫ સુધી ભુસ્તર શાસ્ત્રીનો પત્ર, પંચ રોજકામ, સિઝર મેમો અને કારણદર્શક નોટીસ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તેઓ ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતા કચેરીમા માઇન્સ સુપરવાઇઝર તરીકે ફરજ બજાવે છે, આ કામે જી.યુ. વી.એન.એલ. પોલીસ સ્ટેશન તરફથી માહિતિ માગતા તે આપવામા આવેલી અને આરોપી પથ્થરની ખાણ બિનઅધિકૃત રીતે ચલાવતા હોવાથી સાહેદનાં ડિપાર્ટમેન્ટ તરફથી આરોપીને કારણ દર્શક નોટીસ આપેલી. પી.જી.વી.સી.એલ. દ્વારા ખાણ ઉપર વિજ ચેકીંગ માટે જતા વિજ ચોરીનું જણાતા સાહેદનાં ડિપાર્ટમેન્ટને ટેલીફોનિક જાણ કરતા સાહેદ રોયલ્ટી ઇન્સપેકટર તથા સર્વેયર સાથે ખાણ ઉપર જતા ૩

ચકરડી મશીન હતાં અને બિન અધિકૃત રીતે ખનીજનો ખાડો પડેલ હોય, પંચ રોજકામ કરી ૩ ચકરડી મશીન સીઝ કરી, જાલણસર ગ્રામ પંચાયતે તે રાખવામા આવેલ.

**૧૫.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ વિજ ચેકીંગ થયેલ તેની અંગત કે રેકર્ડ આધારીત માહિતિ નથી, તેઓએ સરકારી વાહનનો ઉપયોગ કરેલ તેની કોઇ વિગત કે લોગબુક પોલીસ ને આપેલ નથી. તેઓ સ્વિકારે છે કે, આંક–૪૩ વાળા પંચ રોજકામ મા જગ્યાની ચતુર્દિશા દર્શાવવામા આવેલ નથી, આંક–૪૩ વાળા પંચ રોજકામવાળી જગ્યા સરકારી ખરાબાની જગ્યા હતી, આંક–૪૫ વાળી નોટીસ આરોપીને મળી ગયાનો પુરાવો પોલીસને રજુ કરેલ નથી, પંચ રોજકામવાળા સ્થળ ઉપર ખનિજ ખનનની કામગીરી કોણ કરતુ હતું તે તેઓ કહી શકે નહીં. સાહેદ સ્વિકારતા નથી કે, તા.૨૦/૧/૨૦૨૨ નાં બનાવવાળી જગ્યાએ ગયેલા જ ન હતાં.

**૧૬.** સર્કલ ઓફિસર દેવાંગકુમાર વિજયકુમાર રામાવતને ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૧ તરીકે આંક–૪૬ થી તપાસવામા આવેલા છે અને આંક –૪૭, ૪૮ થી સ્થળની માહિતિ આપ્યાનો પત્ર અને માહિતિ આપવા નો આદેશ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૧૮/૨/૨૦૨૨ નાં રોજ સર્કલ ઓફિસર તરીકે કાલાવડ મુકામે ફરજમા હતાં ત્યારે, ઇ./ચા. પી.આઇ. એમ.કે. અપારનાથીએ ઝાલણસર ગામની સીમમા પથ્થરની ખાણવાળી જગ્યાની માલીકી અને સર્વે નંબરની માહિતિ માગતા પંચો રૂબરૂ રોજકામ કરી, નકશો તથા ગામ નમુના નં.૭ સાથેનાં કાગળો મોકલી આપેલ.

**૧૬.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, આંક–૪૮ નાં પત્ર મુજબ જી.યુ. વી.એન.એલ.નાં પ્રતિનિધિને સાથે રાખી સ્થળની ખરાઇ કરવા તેમને

મામલતદારશ્રીએ જાણ કરેલી હતી, આંક–૪૮ નાં પંચ રોજકામમા જી.યુ.વી.એન.એલ.નાં કોઇ કર્મચારીની હાજરી બદલની સહી નથી. તેઓ એવી હકીકત પણ સ્વિકારે છે કે, કહેવાતા વિજ ચેકીંગ બાબતે તેમને કોઇ જાતમાહિતિ નથી અને ચેકીંગ વખતે જગ્યાનાં કબજેદાર કોણ હતાં તે અંગે કોઇ માહિતિ નથી.

**૧૭.** ફરીયાદ પક્ષ તરફે રોયલ્ટી ઇન્સપેકટર અશોકભાઇ ભિમજીભાઇ ચૌધરીને સાહેદ નં.૧૨ તરીકે આંક–૪૯ થી તપાસવામા આવેલા છે અને આંક–૫૦ થી ૫૩ સુધી સ્થળની માહિતિ મળ્યાની યાદી, ફોર્મ–જે, કારણદર્શક નોટીસ અને પંચ રોજકામ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે જણાવે છે કે, તેઓ ૨૦૧૯ થી ૧૧ માસનાં કરાર આધારીત ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતા કચેરી, જામનગરમા રોયલ્ટી ઇન્સપેકટર તરીકે ફરજમા હતાં અને ઇ./ચા. પી.આઇ.એ પુછપરછ કરી તેઓનું નિવેદન લેવામા આવેલ.

**૧૭.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, સરકરી ખરાબાને પણ સર્વે નંબર આપવામા આવતા હોય છે. તેઓને પુછતા જણાવે છે કે, આંક–૫૩ નાં પંચ રોજકામમા સરકારી ખરાબાનાં સર્વે નંબરનો ઉલ્લેખ નથી. તેઓ સ્વિકારતા નથી કે, જે જગ્યાએ રેઇડ થયેલી તે કોની માલીકી કે કબજાની હતી તે અંગે માહિતિ હતી નહીં. તેઓ સ્વિકારે છે કે, મિલકત જપ્ત કર્યા અંગેનાં ફોર્મ–જે મા પંચોની સહી નથી, સાહેદ જણાવે છે કે, તેમા પંચોની સહી લેવાની હોતી નથી, મુદામાલનો કબજો ગામનાં સરપંચને સોંપ્યા બાદ તેમનો અંગુઠો લેવામા આવેલો છે.

**૧૮.** ફરીયાદ પક્ષ તરફે ખાણમા મજુરીકામ કરતા મજુર વિનોદભાઇ કલીયા ભાઇ ભાભોર તથા કાજુભાઇ કેશવભાઇ પસાયાને ફરીયાદ પક્ષ તરફે અનુક્રમે સાહેદ નં.૮ અને ૯ તરીકે આંક–૩૯, ૪૦ થી તપાસવામા

આવેલા છે. તેઓએ મુખ્યત્વે ખાણમા કયારેય કામ કરેલ નથી અને આરોપીને ઓળખતા નથી તેવું જણાવેલ છે.

**૧૮.૧.** સદર આંક–૩૯, ૪૦ નાં સાહેદોએ ફરીયાદ પક્ષનાં કેસની કે બનાવની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ ન હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરીને વિગતવાર ઉલટતપાસ કરવામા આવેલી છે, જેમા પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકતો જણાવેલી નથી.

**<u>પંચ સાહેદોનાં પુરાવાઓની ચર્ચા</u>** ::–

**૧૯.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧ અને ૧૩ તરીકે જશમતભાઇ શામજી ભાઇ અજુડીયા અને મનહરસીંહ દિલિપસીંહ જાડેજાને અનુક્રમે આંક– ૭ અને ૫૪ થી તપાસવામા આવેલા છે અને આંક–૮ થી સ્થાનિક જગ્યાનું પંચનામુ રજુ કરવામા આવેલ છે. પંચ સાહેદોએ મુખ્યત્વે પોલીસે એક તૈયાર લખાણમા સહી કરાવેલી હોવાનું અને પંચનામામા સહી કર્યા સિવાય બીજુ કાંઇ જાણતા નથી તેવું જણાવેલ છે.

**૧૯.૧.** સદર પંચ સાહેદોએ ફરીયાદ પક્ષનાં કેસની કે પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ ન હોવાથી વિ.એ.પી.પી.શ્રીની વિનંતી થી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરીને વિગતવાર ઉલટ તપાસ કરવામા આવેલી છે, જેમા પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકતો જણાવેલી નથી.

**<u>પોલીસ સાહેદનાં પુરાવાની ચર્ચા</u>** ::-

**૨૦.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૬ તરીકે તપાસ કરનાર અધિકારી શુભદ્રા બેન કુલજીભાઇ ભંડેરીને આંક–૨૨ થી તપાસવામા આવેલા છે અને આંક–૨૩ થી ૨૯ સુધી આરોપીનાં આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ

ની ખરી નકલો, ગેઇટપાસ, સી.ડી., નોટીસ, મુદ્દામાલની યાદી, ગુન્હાની જાણ કરતી યાદી, રકમ ભરપાઇ કરવાની યાદી અને પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નું પ્રમાણપત્ર રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ જી.યુ.વી. એન.એલ. પોલીસ સ્ટેશન, જામનગરમા પી.એસ.આઇ. તરીકે ફરજમા હતાં ત્યારે, આ કામની તપાસ મળતા સ્થાનિક જગ્યાનું પંચનામુ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધેલ.

**૨૦.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, વિજ ચેકીંગવાળી જગ્યા આરોપી ની માલીકીની છે તે અંગેનો કોઇ આધાર કબજે કરેલ નથી, ચેકીંગ વાળી જગ્યા ખાણ છે, ખાણમા કામ કરતા કોઇપણ વ્યકિતનાં નિવેદન તેમણે લીધેલ નથી, વિડિઓગ્રાફિ અને ફોટોગ્રાફિ જે ડિવાઇસમા કરવામા આવેલ છે તે તપાસનાં કામે કબજે કરેલ નથી અને તેને એફ.એસ.એલ.મા તપાસણી માટે મોકલેલ નથી, મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ કરેલ નથી. તેઓ સ્વિકારતા નથી કે, જે કર્મચારીએ ફોટોગ્રાફિ અને વિડિઓગ્રાફિ કરેલી તેનું નિવેદન લીધેલ નથી.

**૨૧.** બીજા તપાસ કરનાર અધિકારી મધુબાળા કેશવગર અપારનાથીને ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૭ તરીકે આંક-૩૨ થી તપાસવામા આવેલા છે અને આંક-૬૩ થી મામલતદારશ્રીને માહિતિ આપવા માટે કરેલ યાદી રજુ કરવામા આવેલી છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ જી.યુ.વી. એન.એલ. પોલીસ સ્ટેશન, જામનગરમા ફરજમા હતાં ત્યારે, આ કામની તપાસ મળતા સાહેદોનાં નિવેદનો લઇ, પુરતો પુરાવો હોય, ચાર્જશીટ કરેલ અને ભુસ્તર શાસ્ત્રી નાં રીપોર્ટ મંગાવી, ગામ નમુના નં.૭ અને ૧૨ મેળવી મામલતદારશ્રી અને તલાટીશ્રીને યાદી કરી, રેવન્યુ નકશો મેળવેલ. તેઓએ ખાણમા

કામ કરતા વિનોદભાઇ કાલીચાભાઇ અને કાજુભાઇ કેશવાભાઇનાં લીધેલા નિવેદનોની હકીકતોનું વર્ણન કરેલ છે.

**૨૧.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારતા નથી કે, ચેકીંગવાળા સ્થળની આજુ બાજુનાં રહેવાસીનાં નિવેદન લીધેલ નથી. તેઓ સ્વિકારે છે કે, આંક-૬૩ વાળા પત્ર અને આંક-૪૭ સાથે રજુ થયેલ પંચ રોજકામમા જગ્યા ની ચર્તુદિશા અલગ અલગ છે. સાહેદ જણાવે છે કે, ભુસ્તરશાસ્ત્રીનું બનાવવાળી જગ્યાનું પંચનામુ રજુ કરેલ છે અને તે જગ્યા સરકારી ખરાબો હતો તેમજ ભુસ્તરશાસ્ત્રી વિભાગ દ્વારા આરોપીને આંક-૪૫ વાળી નોટીસ આપવામા આવેલ છે.

**૨૧.૨.** તેઓ સ્વિકારતા નથી કે, આરોપી ફરીયાદ મુજબ કોઇ વિજચોરી કરતા ન હતાં કે ગેરકાયદેસર રીતે વિજચોરી કરી ખાણ ખનિજની ગેર કાયદેસર પ્રવૃત્તિ કરતા હતાં.

**૨૨.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૪ તરીકે અમિતભાઇ લવજીભાઇ મકવાણાને આંક-૫૫ થી તપાસવામા આવેલા છે અને આંક-૫૬ થી ૫૮ સુધી સ્ટેશન ડાયરીનાં ઉતારાની ખરી નકલ, એફ.આઇ.આર. અને તપાસ સોંપ્યાની યાદી રજુ કરવામા આવેલી છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, જામનગરમા પી.એસ.ઓ. તરીકે ફરજમા હતાં ત્યારે, આ કામની ફરીયાદ આવતા તેનો ઉતારો ક્રિ.પ્રો. કોડ કલમ–૧૫૪ નાં ફોર્મમા કરી, સ્ટેશન ડાયરીમા નોંધ કરી, ગુન્હો દાખલ કરી, આગળની તપાસ ઇ./ચા. પી.આઇ. એસ.એફ. ભંડેરીને મોકલી આપેલી.

**મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓની સંયુકત ચર્ચા** ::-

**મુદા નંબર-૧** ::-

**૨૩.** આ કામે આરોપી વિરુદ્ધ આંક-૪ થી તા.૨૦/ ૧/૨૦૨૨ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન કાલાવડ તાલુકાનાં જાલણસરગામની સીમમા, પાણીનાં સંપવાળા ખોડિયાર મંદિર તરફ જતા કાચા રસ્તે સરકારી ખરાબાની રે.સ. નં.૧૩૮ વાળી જગ્યામા આવેલ સફેદ પથ્થરની ખાણમા આરોપી એ ૨૦૦ મિટર દુર આવેલ પી.જી. વી.સી.એલ. કંપનીની ૧૧ કે.વી. જાલણસર એ.જી. લાઇનનાં ટી.સી. નં.૨૪૩ મા કેબલ વાયરથી જોડાણ કરી, વિજ પુરવઠો મેળવી રૂા.૯,૪૮,૪૮૪-૪૭ પૈસાની વિજ ચોરી કરી ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ -૧૩૫ મુજબ ગુન્હો કરેલ હોવાનું તહોમતનામુ ફરમાવવામા આવેલ છે.

**૨૪.** સદર કામે આરોપી વિરુદ્ધ આંક-૪ થી ફરમાવવામા આવેલ તહોમત નામા સાથે આંક-૧૨ ની ફરીયાદ હકીકત ધ્યાને લેતા આરોપી વિરુદ્ધ જયારે, તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન કાલાવડ તાલુકાનાં જાલણસરગામની સીમમા, પાણીનાં સંપવાળા ખોડિયાર મંદિર તરફ જતા કાચા રસ્તે સરકારી ખરાબાની રે.સ. નં.૧૩૮ વાળી જગ્યામા આવેલ સફેદ પથ્થરની ખાણ મા આરોપીએ ૨૦૦ મિટર દુર આવેલ પી.જી. વી.સી.એલ. કંપનીની ૧૧ કે.વી. જાલણસર એ.જી. લાઇનનાં ટી.સી. નં.૨૪૩ મા કેબલ વાયર થી જોડાણ કરી, વિજ પુરવઠો મેળવી રૂા.૯,૪૮,૪૮૪-૪૭ પૈસાની વિજ ચોરી કરેલ હોવાની હકીકત રજુ થયેલ પુરાવાને આધીન ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે કેમ? સબબ, આ અંગે મૌખીક પુરાવાની ચર્ચા કરતા પહેલા ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ ના પ્રબંધો અને તત્વોની ચર્ચા કરવી જરૂરી બને.

**૧૩૫. વિજળીની ચોરી** ::-

**(૧)** જે કોઇ વ્યકિત બદદાનતથી

**(એ)** ઓવરહેડ, અન્ડરગ્રાઉન્ડ સાથે અથવા વેકટરલાઇન અથવા કેબલ અથવા સર્વિસ વાપર અથવા લાઇસન્સદારની સર્વિસ સગવડ સાથે જોડે, જોડાણ કરે અથવા કરાવડાવે અથવા

**(બી)** મીટર સાથે ચેડા કરે, ચેડા કરેલ મીટર નાખે અથવા વાયપરે, કરન્ટ રીવર્સિંગ ટ્રાન્સફોર્મર, લુઝ કનેકશન અથવા બીજી કોઇપણ યુકિત અથવા રીત વાપરે જે ચોકકસ અથવા યોગ્ય રજીસ્ટ્રેશન, માપ અથવા ઇલેકિટ્રક મીટરીંગ સામે હસ્ત ક્ષેપ કરે અથવા અન્યથા એવી રીતે પરિણમે જેનાં ઇલેકિટ્રક ઇલેકિટ્રસિટિની ચોરી થાય અથવા બગાડ થાય અથવા,

**(સી)** ઇલેકિટ્રક મીટર, સાધનો, ઓજારો અથવા વાયરને નુકશાન પહોંચાડે અને તેનો નાશ કરે અથવા એવીરીતે નુકશાની કરવા અથવા નાશ કરવાની છુટ આપે જેથી ઇલેકિટ્ર સિટિનાં યોગ્ય અને ચોકકસ મીટરીંગ સાથે હસ્તક્ષેપ થાય,

જેથી કરીને ઇલેકિટ્રસિટિ જુદી પાડવામા અથવા વાપરવામા અથવા ઉપયોગ કરવામા થાય તે ત્રણ વર્ષ સુધીની કેદની અથવા દંડની અથવા બંને શીક્ષાને પાત્ર થશે.

પરંતુ, જયારે જુદો પાડેલ, વાપરેલ અથવા ઉપયોગ કરેલ લોડ અથવા પ્રયત્ન કરેલ, જુદુ પાડવાનું અથવા પ્રયત્ન કરેલ વપરાશ અથવા પ્રયત્ન કરેલ ઉપયોગ

**(૧)** ૧૦ કિલોવોટ કરતા વધે નહીં ત્યારે, તે કિસ્સામા પ્રથમ વખત દોષિત ઠર્યે નાખેલ દંડ, આવી વિજળીની ચોરી કરવાને લીધે થયેલ નાણાંકીય લાભનાં ત્રણ ગણા કરતા ઓછો ન હોવો જોઇશે અને નાખેલ પછીનાં ગુન્હાનાં પ્રસંગે, નાખેલ દંડ

આવી વિજળી ચોરીનાં લીધે થયેલ નાણાંકીય લાભનાં છ ગણા કરતા ઓછો હોવો જોઇશે નહીં.

**(૨)** ૧૦ કિલોવોટ કરતા વધુ હોય તે કિસ્સામા પ્રથમ દોષિત ઠર્યે નાખેલ દંડ, આવી વિજળી ચોરીનાં લીધે થયેલ નાણાંકીય લાભનાં ત્રણ ગણા કરતા ઓછો હોવો જોઇશે નહીં અને બીજા અથવા પછીનાં ગુન્હાનાં પ્રસંગે છ મહિના કરતા ઓછી ન હોય તેવી કેદની સજા કરવામા આવશે પણ, પાંચ વર્ષ સુધી લંબાવી શકશે.

આવી વિજળી ચોરીનાં લીધે થયેલ નાણાંકીય લાભનાં ઓછા મા ઓછા છ ગણા જેટલો દંડ કરવામા આવશે.

વધુમા એવું સાબીત થાય કે, કોઇપણ કૃત્રિમ સાધનો અથવા ગ્રાહકે વાપરેલી વિજળી જુદી પાડવા, વાપરવા અથવા ઉપયોગ કરવા માટે બોર્ડે અથવા લાઇસન્સદારે અધિકૃત કર્યા ન હોય તે સાધનો અસ્તિત્વમા હોય તો, વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી એવું માની લેવામા આવશે કે, કોઇપણ ઇલેકિટ્રકસિટિ જુદુ પાડવાનું, વપરાશ અથવા ઉપયોગ અથવા આવા ગ્રાહકે બદદાનતથી કરેલ છે.

**(૨)** રાજય સરકારે આ અર્થે અધિકૃત કરેલ કોઇપણ અધિકારી-

**(એ)** જેમા તેને એવું માનવાને કારણ હોય કે, વિજળી, અનધિકૃતરીતે વાપરવામા આવી છે અથવા વાપરવામા આવી રહી છે તેવા કોઇ પણ સ્થળ અથવા જગામા પ્રવેશી શકશે, તપાસી શકશે, તોડીને ખોલી શકશે અને ઝડતી લઇ શકશે,

**(બી)** વિજળીનાં અધિકૃત ઉપયોગ માટે વાપરવામા આવી હોય અથવા વપરાઇ રહી હોય તેવી તમામ ડિવાઇસ, ઓજારો, વાયર અને બીજી કોઇપણ સગવડો અથવા ચિજ વસ્તુ જપ્ત કરી શકશે, કબજે લઇ શકશે,

**(સી)** હિસાબનાં ચોપડા અથવા દસ્તાવેજો તપાસી શકશે અથવા કબજે લઇ શકશે જે તેનાં અભિપ્રાય મુજબ પેટા કલમ (૧) હેઠળનાં ગુન્હાનાં સબંધમા કોઇ કર્મચારી માટે અથવા તેનાં સબંધમા ઉપયોગી થશે અને જેની કસ્ટડીમાથી આવા હિસાબનાં ચોપડા અથવા દસ્તાવેજ કબજે લીધા હોય તેમાથી વ્યકિતને તેની નકલ કરવા દઇ શકશે અથવા તેની હાજરીમા તેમાથી ઉતારો લઇ શકશે.

**(3)** ઝડતીનાં સ્થળનો ભોગવટેદાર અથવા તેનાં વતી કોઇપણ વ્યકિત ઝડતી દરમિયાન હાજર રહેશે અને આવી ઝડતી દરમિયાન કબજે લીધેલી તમામ વસ્તુઓની યાદી તૈયાર કરવી જોઇશે અને આવા ભોગવટેદાર અથવા આવી વ્યકિતને આપશે, તેણે યાદીમા સહી કરવી જોઇશે.

પરંતુ, કોઇણ ધંધાનું સ્થળ અથવા જગાની તપાસ, ઝડતી અને જિપ્ત સુર્યોદય અને સુર્યાસ્ત વચ્ચે આવી જગાનો ભોગવટો કરતા પુખ્ત પુરૂષ સભ્યોની હાજરી સીવાય કરી શકાશે નહીં.

**(૪)** જપ્તિ અને ઝડતીને લગતી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (સન ૧૯૭૪ નાં બીજા)ની જોગવાઇઓ, શકય હોય તેટલે સુધી આ અધિનિયમ હેઠળની જપ્તિ અને ઝડતીને લાગુ પડશે.

**૨૫.** આરોપી વિરુદ્ધ આંક-૪ થી ફરમાવેલ તહોમતનામા સાથે ઉપરોકત ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ નાં પ્રબંધો નજર સમક્ષ રાખી ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખીક પુરાવો ધ્યાને લેતા સદર કામે આંક-૧૧ થી ફરીયાદી ધિરેનભાઇ ભવાનભાઇ મિયાત્રાને તપાસવામા આવેલા છે અને આંક-૧૨ થી રજુ કરવામા આવેલી ફરીયાદ લક્ષમા લેતા તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન કાલાવડ તાલુકાનાં જાલણસરગામ

ની સીમમા, પાણીનાં સંપવાળા ખોડિયાર મંદિર તરફ જતા કાચા રસ્તે સરકારી ખરાબાની રે.સ. નં.૧૩૮ વાળી જગ્યામા આવેલ સફેદ પથ્થર ની ખાણમા આરોપીએ ૨૦૦ મિટર દુર આવેલ પી.જી.વી.સી.એલ. કંપનીની ૧૧ કે.વી. જાલણસર એ.જી. લાઇનનાં ટી.સી. નં.૨૪૩ મા કેબલ વાયરથી જોડાણ કરી, વિજ પુરવઠો મેળવી રૂા.૯,૪૮,૪૮૪-૪૭ પૈસાની વિજ ચોરી કરેલી છે તે મતલબની ફરીયાદ ફરીયાદી દ્વારા આરોપી વિરુદ્ધ નોંધાવવામા આવેલ હોવાનું જણાય છે.

**૨૬.** આંક-૧૨ ની ફરીયાદ સાથે આંક-૧૧ નાં ફરીયાદીનો પુરાવો લક્ષમા લેતા હકીકત સ્પષ્ટ છે કે, આંક-૧૧ નાં ફરીયાદી પોતે ચેકીંગમા ગયેલા નથી. તેથી, આ કામે ચેકીંગ ટીમનાં સભ્યો સુભાષભાઇ રાઘવજીભાઇ, યોગેશ રાજશીભાઇ અને નિર્મળસીંહ વનરાજસીંહને અનુક્રમે આંક-૧૪, ૧૮ અને ૨૧ થી તપાસવામા આવેલા છે. આ સાહેદોનાં સમગ્ર પુરાવા ને ધ્યાને લેતા તેઓ વિજ ચેકીંગ કરવા માટે ચેકીંગ ટીમનાં સભ્યો સાથે બનાવવાળા સ્થળે ગયેલા હતાં અને વિજ જોડાણ તપાસીને અહેવાલ, રોજકામ અને દસ્તાવેજો તૈયાર કરવામા આવેલ હોવાનું જણાઇ આવે છે. તેઓએ આ કામે ફોટોગ્રાફિ કરવામા આવેલી હોવાનું જણાવેલ છે અને આ અંગે પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર ફરીયાદ પક્ષ તરફે આંક-૩૧ અને ૬૭ થી તથા સી.ડી. આંક -૨૫ થી રજુ કરવામા આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, આ કામે ફોટોગ્રાફિ અને વિડિઓગ્રાફિ ચેકીંગ ટીમનાં સભ્ય દ્વારા કરવામા આવેલી છે અને તે અંગેનું પ્રમાણપત્ર ફરીયાદી દ્વારા આપવામા આવેલ છે, પરંતુ બચાવ પક્ષ તરફે આંક-૩૧ અને ૬૭ નાં પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નાં પ્રમાણપત્ર કે આંક-૨૫ ની સી.ડી. અંગે ઉલટતપાસમા ફરીયાદી કે ચેકીંગ ટીમનાં સભ્યને કોઇ પ્રશ્ન પુછવામા આવેલ નથી કે તેને પડકારવામા આવેલ

નથી. આવા સંજોગોમા આંક-૩૧, ૬૭ અને ૨૫ ની હકીકતો બચાવ પક્ષ તરફે સ્વિકૃત હોવાનું માની શકાય તેમ છે.

**૨૭.** આંક–૧૨ ની ફરીયાદ સાથે આંક–૧૧ નાં ફરીયાદીનો પુરાવો લક્ષમા લેતા હકીકત સ્પષ્ટ છે કે, આંક–૧૧ નાં ફરીયાદી પોતે ચેકીંગમા ગયેલા નથી અને આંક–૧૪, ૧૮ અને ૨૧ નાં સાહેદો ચેકીંગ ટીમનાં સભ્યો ચેકીંગમા ગયેલા છે, તેઓનાં સમગ્ર પુરાવાને ધ્યાને લેતા આ સાહેદો વિજ ચેકીંગ કરવા માટે બનાવવાળા સ્થળે ગયેલા હતાં અને વિજ જોડાણ તપાસીને આંક–૧૬ નો તપાસણી અહેવાલ તૈયાર કરવા મા આવેલ હોવાનું જણાય છે. એટલું જ નહીં પરંતુ, ઉપરોકત રજુ દસ્તાવેજની હકીકતો મુજબ પી.જી.વી.સી.એલ.નાં સક્ષમ અધિકારી દ્વારા બનાવ સ્થળ ઉપર તપાસ કરતા આરોપીએ ૩૫ એમ.એમ. કાળા કેબલ વાયર આશરે ૨૦૦ મિટર દ્વારા ટ્રાન્સફોર્મર પરથી લઈ પોતે બેલા કટીંગ કરવાનું કામ કરતા હતાં, તે ખાણમા આવેલ ચકરડી મશીન વિગેરે સાથે જોડી વિજ ચોરી કરેલી હોવાની હકીકત જણાય છે.

**૨૮.** આ કામે આરોપી તરફે એવો બચાવ લેવામા આવેલો છે કે, જે જગ્યાએ વિજ ચેકીંગ કરવામા આવેલ છે તે જગ્યા આરોપીની માલીકી, કબજા કે ભોગવટાની હોવા મતલબનો પુરાવો રજુ થયેલ નથી અને જે બે પંચ રોજકામ રજુ થયેલા તેમા પણ ચતુર્દિશા અલગ અલગ દર્શાવવામા આવેલી છે. તેથી, આરોપીને છોડી મુકવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે, આંક-૮ અને ૪૭ નાં દસ્તાવેજો ધ્યાને લેતા, તેમા ચર્તુદિશામા કોઈ ફરક જણાયેલ નથી. ઉલ્લેખનીય છે કે, એક પંચનામામા આજુબાજુમા આવેલા લેન્ડમાર્કનો ઉલ્લેખ છે, પરંતુ અંતે પંચનામામા જે મહત્વનાં લેન્ડમાર્ક છે તે એકસરખા જ છે, તેમા કોઈ વિષંગતતા નથી.

ઉલ્લેખનીય છે કે, ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ પૈકી આંક-૪૨ નો ભુસ્તર શાસ્ત્રીનો પત્ર, આંક-૪૩ અને ૫૩ નાં પંચ રોજકામ, આંક-૪૪ નાં સિઝર મેમો, આંક-૪૫ અને ૫૧ ની કારણદર્શક નોટીસો, આંક-૪૭ નાં સ્થળની માહિતિ આપવ્યાનાં પત્ર, આંક-૪૮ નાં માહિતિ આપવાનાં આદેશ, આંક-૫૦ ની સ્થળની માહિતિ મળ્યાની યાદી, આંક-૫૨ નાં ફોર્મ-જે અને આંક-૬૩ ની મામલતદારશ્રીને કરેલી યાદી સાથે ઉપરોકત કરવામા આવેલી ચેકીંગ અધિકારીઓનાં પુરાવાઓની ચર્ચા અને માઇન્સ સુપરવાઇઝરનાં આંક -૪૧, સર્કલ ઓફિસરનાં આંક-૪૯ અને રોયલ્ટી ઇન્સપેકટરનાં આંક-૪૯ નાં મૌખીક પુરાવાઓ ધ્યાને લેતા આરોપી બીનઅધિકૃત રીતે પથ્થરની ખાણ ચલાવતા હોવાથી ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતા કચેરી તરફથી આરોપીને કારણદર્શક નોટીસ આપવામા આવેલી છે અને આંક-૪૯ નાં સાહેદ રોયલ્ટી ઇન્સપેકટર સ્થળ ઉપર ચેકીંગ કરવા માટે ગયેલા ત્યારે આરોપી હાજર હતાં, ખાણ ઉપર ૩ ચકરડી મશીનો હતાં અને બીન અધિકૃતરીતે ખનિજનો ખાડો પડેલો હતો. તેથી, તેઓ એ પંચરોજકામ કરેલ અને ૩ ચકરડી મશીનો સિઝ કરી ગ્રામ પંચાયત, જાલણસર મુકામે રાખેલ હોવાની હકીકત પુરવાર થાય છે અને વિરુદ્ધ ની કોઇ હકીકત આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. ફોર્મ-જે આંક-૫૨ થી રજુ થયેલ છે તેમા સરપંચનાં સહી સીકકા છે, તેથી સીઝર મેમો ફોર્મ-જે ને નહીં માનવાને કારણ નથી તેમજ આંક-૪૭ થી સર્કલ ઓફિસરનું જગ્યાનું રોજકામ ધ્યાને લીધેલ છે, તેની સાથે રજુ થયેલ નકશો તથા ગામ નમુના નં.૭x૧૨ નો ઉતારો પણ ધ્યાને લીધેલ છે, આરોપી ખાણમાથી ગેરકાયદેસરરીતે વિજ પુરવઠો મેળવી પથ્થરો કાઢે છે અને ખાણકામ માટે કોઇ મંજુરી અપાયેલી નથી તેવો પણ ઉલ્લેખ છે. આંક-૪૧ થી સાહેદ અનિલભાઇની જુબાની ધ્યાને લેતા ભુસ્તર વિભાગ અને ખનીજ ખાતા દ્ધારા આરોપીને તા.૮/૩/૨૦૨૨ નાં રોજ

કારણદર્શક નોટીસ આપવામા આવેલ છે, પરંતુ આરોપીએ કોઇ જવાબ આપેલ નથી તેવી હકીકત જણાવેલ છે.

એટલું જ નહીં પરંતુ, આંક-૪૬ નાં સાહેદ સર્કલ ઓફિસરે પણ સ્થળ ઉપર મુલાકાત લીધેલી આંક-૪૭ થી રજુ કરવામા આવેલ પંચ રોજકામ કરવામા આવેલ હોવાનું અને તે મુજબ પણ હાલનાં આરોપી જ બનાવવાળી જગ્યાએ ગેરકાયદેસર કબજો ધરાવતા હોવાનું ફલીત થાય છે. આ અનુસંધાને આંક-૪૯ નાં સાહેદ રોયલ્ટી ઈન્સપેકટરનાં મૌખીક પુરાવા અને આંક-૫૧ નાં દસ્તાવેજી પુરાવા મુજબ આરોપીને કારણદર્શક નોટીસ પણ આપવામા આવેલી છે અને આંક-૫ર નાં ફોર્મ -જે મુજબ ૩ ચકરડીઓ કબજે કરી ગ્રામ પંચાયત કચેરીમા રાખવામા આવેલી હોવાની હકીકત ફલીત થાય છે તથા આંક-૫૩ થી સ્થળનું રોજકામ કરેલ છે, જેમા સરપંચ હાજર રહેલા છે.

**૨૮.૧.** ઉલ્લેખનીય છે કે, ઉપરોકત કરવામા આવેલી ચર્ચા અનુસાર બનાવ વાળી જગ્યાએ આરોપીનાં ગેરકાયદેસર કબજા અને ત્યાં કરવામા આવતી વિજચોરી અંગે જે સરકારી સાહેદોનાં મૌખીક પુરાવાઓ અને સરકારી દસ્તાવેજો ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામા આવેલા છે તે હાલ નાં આરોપી વિરુદ્ધ ખોટીરીતે ઉભા કરવામા આવેલા હોવા પાછળનો ફરીયાદ પક્ષનાં સાહેદોનો કોઇ ખોટો ઈરાદો હતો તે અંગેનો કોઇ જ ખુલાસો કે પુરાવો ફરીયાદ પક્ષ તરફથી તપાસવામા આવેલા સાહેદોનાં પુરાવાઓની ઉલટતપાસમાથી બચાવ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આવા સંજોગોમા આવા સરકારી સાહેદો દ્વારા કરવામા આવેલી કાર્યવાહી અને તે અનુસંધાને તૈયાર કરવામા આવેલા ઉપરોકત કરવા મા આવેલી ચર્ચા મુજબનાં દસ્તાવેજી પુરાવાઓને નહીં માનવા માટે કોઇ કારણો નથી. એટલું જ નહીં પરંતુ, જે બે પંચ રોજકામ રજુ કરવા મા આવેલા છે તે પંચ રોજકામની હકીકતો ધ્યાને લેતા બંનેમા અલગ

અલગ ચર્તુદિશાનું વર્ણન કરવામા આવેલ હોવાનું માની લેવામા આવે તો પણ બંનેની હકીકતો ધ્યાને લેતા તે એક જ જગ્યા હોવાનું જણાઇ આવે છે. વિશેષમા, વિરુદ્ધનો કોઇ પુરાવો પણ બચાવ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આવા સંજોગોમા બનાવવાળી જગ્યાએ હાલનાં આરોપી જ ગેરકાયદેસર કબજો ધરાવી વિજચોરી કરતા હોવાની હકીકત ફલીત થાય છે.

૨૯. ઉલ્લેખનીય છે કે, ઉપરોકત હકીકતો સાથે આંક–૧૫ થી રજુ કરવામા આવેલ એનેક્ષ્ચર–૪ જે સિઝર મેમો પણ ચેકીંગ ટીમનાં અધિકારીએ તૈયાર કરેલો હોવાનું જણાય છે. આંક–૧૫ નાં એનેક્ષ્ચર–૪ મુજબ કાળા કલરનો ૨૦૦ મિટર વાયર ૩ નંગ ૩ડી વિજ મોટર અને એક સેટ ફયુઝ યુનીટ પાટીયા સાથે સ્થળ ઉપરથી કબજે કરવામા આવેલ હોવા નું જણાઇ આવે છે.

૩૦. ઉલ્લેખનીય છે કે, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે તો, સ્થળ ઉપરથી વિજળીથી ચાલતા ૩ ચકરણી મશીનો કબજે કરવા મા આવેલ છે અને તે સીઝ કરી ગ્રામ પંચાયત કચેરીમા રાખવામા આવેલ છે અને આરોપી ગેરકાયદેસર ખાણ ખનીજ ખનન કરતા હોવા થી આરોપીને ભુસ્તર શાસ્ત્રીની કચેરી તરફથી પણ નોટીસ આપવામા આવેલી હોવાની હકીકતો રેકર્ડ ઉપર આવેલી છે, તે અંગે પંચ રોજકામો કરવામા આવેલા છે. આવા સંજોગોમા ઉપરોકત કરવામા આવેલી ચર્ચા અનુસાર આરોપીએ પોતે કોઇપણ જાતની પરવાનગી કે લીઝ મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે, નજીક આવેલ ટ્રાન્સફોર્મરમાથી ડાયરેકટ વિજ જોડાણ મેળવી વિજ ચોરી કરેલી હોવાની હકીકત પુરવાર થાય છે તેમજ આરોપી તરફે તેઓ આ જગ્યાએ વિજ મિટર ધરાવતા હોવા મતલબનો તથા આરોપી નહીં પરંતુ અન્ય વ્યકિત આ જગ્યાએ ખાણ ખનીજ ખનન કરતા હોવા મતલબનો તથા આરોપી

સાથે ફરીયાદ પક્ષે ખોટીરીતે કોઇપણ કારણસર રાગદ્બેષ રાખી ખોટો કેસ કરેલો હોવા મતલબનો પણ કોઇ વિપરીત પુરાવો રજુ કરવામા આવેલો નથી. તેથી, ફરીયાદ પક્ષ તરફે વિજ કંપનીનાં અધિકારી ઓ દ્બારા વિજ ચેકીંગ દરમિયાન આરોપી ગેરકાયદેસરરીતે ચલાવતા ખાણ ખનીજનાં ખનનવાળા સ્થળે ગેરકાયદેસરરીતે વિજ ચોરી થતી હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે.

**૩૧.** આમ, ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામા આવેલ ઉપરોકત તમામ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતા ફરીયાદી કંપનીનાં અધિકારી આરોપી ખાણ ખનીજ ખનન કરતા હતાં તે જગ્યાએ વિજ ચકાસણી કરવા માટે ગયેલ તે વખતે આરોપીની હાજરીમા વીજ ચકાસણી કરતા બીનઅધિકૃતરીતે વિજ ચોરી કરેલી હોવાની હકીકત જણાઇ આવતા સર્વિસ વાયર ઉતારી, કબજે લીધેલ હોવાનું અને તેઓએ ભુસ્તક શાસ્ત્રીની કચેરી પાસે પણ આ અંગે માહિતિ માંગતા આરોપી ગેરકાયદેસરરીતે ખાણ ખનીજ ખનન કરતા હોવાનું હકીકત ખુલતા તેઓએ પણ આરોપીને કારણદર્શક નોટીસ આપેલી હોવાની તથા આ જગ્યાએ આરોપીએ વિજ પ્રવાહનો ગેરકાયદેસર ઉપયોગ કરેલ છે તેવું રેકર્ડ ઉપર આવેલ છે. ઉપરાંત પુરવણી બિલની રકમ પણ આરોપીએ ભરપાઇ કરેલી હોવાની કોઇ રજુઆત આરોપી તરફે થયેલી નથી.

**૩૨.** આ તબકકે ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ–૨૦૦૩ ની કલમ–૧૫૪ (૫) નાં પ્રબંધો ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે ::–

**(ખાસ કોર્ટે, ઉર્જાની ચોરી શોધ્યાની તારીખથી અગાઉનાં બાર મહિના સુધી અથવા ચોરીની ચોકકસ મુદત નકકી કરવામા આવે તો તે મુદત, એ બેમાથી ઓછી હોય તે માટે લાગુ પડતા ટેરીફ દરોનાં બે ઘણા બરાબરની રકમ**

**કરતા ઓછી ન હોય તેવી ઉર્જાની ચોરી કરવા માટે નાણાં ના સ્વરૂપમા ગ્રાહક સામે અથવા વ્યકિતની સામે દિવાની જવાબદારી નકકી કરવી જ જોઇશે)** અને એવીરીતે નકકી કરેલી દિવાની જવાબદારીની રકમ, જાણે કે દિવાની કોર્ટ નું હુકમનામુ હોય તેમ વસુલ કરવામા આવશે.

ઉલ્લેખનીય છે કે, ઉપરોકત જોગવાઇ મુજબ વિજ કંપની તરફથી આરોપીને રૂા.૯,૪૮,૪૮૪–૪૭ પૈસાની વિજ ચોરીનું બિલ આપવામા આવેલ છે, જે આરોપી તરફે પડકારવામા આવેલ નથી અને તે રકમ આરોપી દ્વારા વિજ કંપનીને ભરપાઇ કરવામા આવેલી નથી. આવા સંજોગોમા વિજ કંપની આ રકમ વસુલ મેળવવા હકકદાર છે. હાલની કોર્ટ ને ઉપરોકત કલમ–૧૫૪(૫) મુજબ સિવિલ જવાબદારી નકકી કરવાની પણ સત્તા છે, જે મુજબ સિવિલ કોર્ટની ડિક્રિ મુજબ વસુલી શકાય છે.

**33.** ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા ફરીયાદ પક્ષ તરફે કરવામા આવેલા આક્ષેપો મુજબની હકીકત ફરીયાદ પક્ષ તરફે નિ:શંકપણે પુરવાર થાય છે તેમજ આંક–૨૪ નાં ચેકીંગ અધિકારીની જુબાનીમા રજુ થયેલ તપાસણી અહેવાલ તથા સ્થળ રોજકામને પડકારવામા આવેલા નથી અને તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન કાલાવડ તાલુકા નાં જાલણસરગામની સીમમા, પાણીનાં સંપ વાળા ખોડિયાર મંદિર તરફ જતા કાચા રસ્તે સરકારી ખરાબાની રે.સ. નં.૧૩૮ વાળી જગ્યામા આવેલ સફેદ પથ્થરની ખાણમા આરોપીએ ૨૦૦ મિટર દુર આવેલ પી.જી.વી.સી.એલ. કંપનીની ૧૧ કે.વી. જાલણસર એ.જી. લાઇનનાં ટી.સી. નં.૨૪૩ મા કેબલ વાયરથી જોડાણ કરી, વિજ પુરવઠો મેળવી રૂા.૯,૪૮,૪૮૪–૪૭ પૈસાની વિજ

ચોરી કરેલી હોવાની હકીકત રજુ થયેલ પુરાવાઓને આધીન ફરીયાદ પક્ષ તરફે પુરવાર થતી હોવાનું જણાઇ આવે છે.

**પંચનામાની ચર્ચા** ::–

**૩૪.** સદર કામે આંક–૮ થી સ્થાનિક જગ્યાનું પંચનામુ રજુ થયેલ છે. આંક –૮ નું પંચનામુ ધ્યાને લેતા ગુન્હો આરોપી જે જગ્યાએ ગેરકાયદેસર રીતે ખાણ ખનીજ ખનન કરતા હતાં ત્યાં વિજ ચોરી થતી હોવાનું જણાય છે. આંક–૮ નાં પંચનામાની વિગતે બનાવ સ્થળેથી કોઇ ચિજ વસ્તુ કબજે લેવામા આવેલી હોવાનું જણાઇ આવતુ નથી. સદર પંચનામાને પંચ સાહેદોએ પણ મહદ અંશે સમર્થન આપેલુ નથી અને વિરુદ્ધની કોઇ હકીકતો આરોપી પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**પોલીસ સાહેદોનાં પુરાવાની ચર્ચા** ::–

**૩૫.** સદર કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૨૨ અને ૩૨ થી તપાસ કરનાર અધિકારીઓ શુભદ્રાબેન કુલજીભાઇ ભંડેરી, મધુબાળા કેશવગર અપારનાથીને તથા પી.એસ.ઓ. અમિતભાઇ લવજીભાઇ મકવાણાને આંક–૫૫ થી તપાસવામા આવેલા છે. આ પોલીસ સાહેદોનો પુરાવો લક્ષમા લેતા તેઓ દ્વારા સ્વાભાવિકરીતે જ પોતાની ફરજનાં ભાગ રૂપે સદર ગુન્હાનાં કામે કરેલ કામગીરીનું વર્ણન પોતાનાં સોગંદ ઉપરનાં પુરાવામા વિગતવાર જણાવવામા આવેલ છે. આવા સંજોગોમા ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાની ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષમા લેતા આરોપી સામે આંક–૪ થી ફરમાવેલ તહોમતનામા ની વિગતે તા.૨૦/૧/૨૦૨૨ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન કાલાવડ તાલુકાનાં જાલણસરગામની સીમમા, પાણીનાં સંપવાળા ખોડિયાર મંદિર તરફ જતા કાચા રસ્તે સરકારી ખરાબાની રે.સ. નં.૧૩૮ વાળી જગ્યા મા આવેલ સફેદ પથ્થરની ખાણમા આરોપીએ ૨૦૦ મિટર દુર આવેલ પી.જી.વી.સી.એલ.

કંપનીની ૧૧ કે.વી. જાલણસર એ.જી. લાઇનનાં ટી.સી. નં.૨૪૩ મા કેબલ વાયરથી જોડાણ કરી, વિજ પુરવઠો મેળવી રૂા.૯,૪૮,૪૮૪-૪૭ પૈસાની વિજ ચોરી કરેલ હોવાની હકીકત રજુ થયેલ પુરાવાને આધીન ફરીયાદ પક્ષ તરફે પુરવાર થાય છે.

**૩૬.** આમ, ઉપરોકત સમગ્ર પુરાવો તથા દલીલો અને ચર્ચા ધ્યાને લેતા ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી આરોપી વિરૂદ્ધ ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ અન્વયેનો ગુન્હો નિ:શંક પણે પુરવાર કરેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ હકારમા આપવામા આવે છે અને આરોપીને ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબનાં ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી સજા કેમ ન કરવી સબબ કોઇ કારણ જણાતુ ન હોય, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ નો હુકમ કરવામા આવે છે.

-:: **<u>હુકમ</u>** ::-

૧. ક્રિ.પ્રો. કોડની કલમ-૨૩૫(૨) અન્વયે આરોપી દિગ્વિજયસીંહ લઘુભા જાડેજા, ઉ.વ. ૩૬, ધંધો : ખેતી, રહે.જાલણસર (બારીયા ગામ), તા.કાલાવડ, જી.જામનગરને ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ કલમ-૧૩૫ મુજબનાં તહોમત સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામા આવે છે અને સજા અંગે સાંભળવા કામ મુલત્વી રાખવાનો હુકમ કરવામા આવે છે.

જામનગર.
તા.૨૯/૫/૨૦૨૬.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 29/05/2026 17:01:07 IST.

(**નેહલકુમાર રાજેશભાઇ જોષી**)
સ્પેશીયલ (ઇલે.) જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર

૩૭. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપી તરફે તેમનાં વિ.વ.શ્રીને સાંભળ્યા.

૩૮. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આરોપીને ધી ઇન્ડિયન ઇલેક્ટ્રિસિટિ એકટ–૨૦૦૩ નીકલમ–૧૩૫ અન્વયે તકસીરવાન ઠરાવેલ હોય, મહત્તમ સજા કરવા દલીલ કરેલી છે.

૩૯. આરોપી તરફે એવી રજુઆત છે કે, આરોપી ઉપર તેમનાં ઘરની જવાબદારી છે તેમજ આરોપી ગરીબ વર્ગનાં છે. તે તમામ સંજોગોમા રહેમ નજર રાખવા વિનંતી કરવામા આવેલી છે.

૪૦. બંને પક્ષનાં વિ.વ.શ્રીઓની રજુઆતો ધ્યાને લેવામા આવેલ છે. આરોપીએ જે પ્રકારનો ગુન્હો કરેલ છે તે કેસની હકીકત પણ ધ્યાને લેવામા આવેલ છે. આરોપીએ એક ગંભીર પ્રકારનો, સમાજ અને સરકાર ઉપર વિપરિત અસર પેદા કરે તેવો ગુન્હો કરેલ છે અને આવા ગુન્હા સમાજમા દિન પ્રતિદિન વધતા જતા હોવાની પણ હકીકત છે. આમ, હાલનાં કેસની હકીકત, આરોપીની ઉંમર, સ્થિતિ, કાયદામા સુદરહુ ગુન્હાની જોગવાઇ ઓ જોતા આરોપીને હુકમમા જણાવ્યા મુજબની સજા તથા દંડનો હુકમ કરવામા આવશે તો, યોગ્ય, વ્યાજબી અને ઉચિત રહેશે તથા તેનાથી ન્યાયનો હેતુ પણ સિદ્ધ થાય તેમ છે. તેથી, મુદ્દા નં.૨ લગત નીચે મુજબ નો હુકમ કરવામા આવે છે.

૪૧. **મુદ્દા નં.૨ લગત આખરી હુકમ** ::–

હવે, આ કામે આરોપીને ધી ઇન્ડિયન ઇલેક્ટ્રિસિટિ એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનાં ગુન્હાનાં તહોમત સબબ તકસીરવાન ઠરાવવા મા આવેલ છે. આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સનો લાભ આપવા અંગે નિર્ણય કરવાનો છે કે, શું આરોપીને જે ગુન્હા સબબ તકસીરવાન

ઠરાવેલ છે તે ગુન્હા માટે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની જોગવાઈ ઓ તથા ક્રિ.પ્રો. કોડ કલમ– ૩૬૦, ૩૬૧ ની જોગવાઈઓનો લાભ આપવા પાત્ર છે કે કેમ?

**૪૨.** હાલનાં તબકકે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની કલમ–૩, ૪ જોવામા આવે તો, તેમા પણ ક્રિ.પ્રો. કોડ કલમ–૩૬૦, ૩૬૧ જેવી જોગવાઇ કરવામા આવેલી છે. સદરહુ કાયદાની કલમ–૫ મા વળતર અને ખર્ચ ચુકવવાની જોગવાઇ કરવામા આવેલી છે. આ કામે રેકર્ડ જોતા આરોપીને અગાઉ કોઇ કેસમા સજા કરવામા આવેલી હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આરોપીને ધી ઈન્ડિયન ઇલેક્ટ્રિસિટિ એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનાં ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામા આવેલ છે. આ કામનો ગુન્હો નોંધાયા બાદ આરોપીએ આવો ગુન્હો આચરેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. ગુન્હો ૨૦૨૩ ની સાલનો છે. જેથી, આરોપી ને પ્રોબેશનનો લાભ આપવા માટે તથા સારી ચાલ ચલગતનાં જામીન આપ્યેથી મુકત કરવા યોગ્ય કેસ હોવાનો સંતોષ થયેલ છે. જેથી, મુદ્દા નં.૨ નો જવાબ હકારમા આપવામા આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## –:: **આખરી હુકમ** ::–

**૧.** ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે આરોપી દિગ્વિજયસીંહ લઘુભા જાડેજા, ઉ.વ. ૩૬, ધંધો : ખેતી, રહે.જાલણસર (બારીયા ગામ), તા.કાલાવડ, જી.જામનગરને ધી ઈન્ડિયન ઇલેક્ટ્રિસિટિ એકટ કલમ–૧૩૫ મુજબનાં ગુન્હામા બે (૨) વર્ષની સાદી કેદની સજા અને રૂા.૨૮,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા અઠીયાવીસ લાખ પચાસ હજાર પુરા) દંડ અને દંડની રકમ ન ભરે તો, વધુ ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૨. પરંતુ, પ્રોબેશન મંજુર થવાથી આરોપીએ ઉપરોકત સજા ભોગવવાની જરૂરીયાત રહેશે નહીં અને તેનાં વિકલ્પે નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે, જે બે વર્ષ માટે અમલમા રહેશે.

-:: શરતો ::-

(૧) આરોપીએ રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નાં જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા આ હુકમની તારીખથી સાત દિવસમા આપવાનાં રહેશે.

(૨) આરોપીએ રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ફરીયાદીને વળતર તરીકે ચુકવવા હાલનાં હુકમની તારીખથી દિન-૩૦ મા અત્રેની સેશન્સ કોર્ટમા જમા કરાવવાનાં રહેશે, જે રકમ ફરીયાદી અરજી કરી મેળવી શકશે.

(૩) આરોપીએ પોતાની વર્તણૂંક સારી રાખવાની રહેશે અને શાંતિ જાળવવી.

(૪) આરોપીએ પોતાનાં કુટુંબ સાથે પોતે કયાં રહેશે તે સરનામુ તેમજ મોબાઇલ નંબરો જાહેર કરવાનાં રહેશે અને અત્રેની સેશન્સ કોર્ટની પરવાનગી સિવાય તે મોબાઇલ નંબર કે સરનામુ બદલી શકશે નહીં.

(૫) જો, આરોપી ઉપરોકત શરતોનો ભંગ કરે તો, ક્રિ.પ્રો. કોડ કલમ -૩૬૦ મુજબ આગળની કાર્યવાહી કરવામા આવશે અને હાલનો પ્રોબેશનનો હુકમ રદ થયેલો ગણાશે અને આરોપીએ સજા ભોગવવાની રહેશે.

(૬) બે વર્ષ સુધીનાં સમયગાળામા જો કોર્ટ આદેશ કરે તો, તેવા સંજોગોમા આરોપીએ સજા ભોગવવા માટે હાજર રહેવાનું રહેશે.

(૭) સદર બે વર્ષ દરમિયાન આરોપી પ્રોબેશન ઓફિસરનાં સુપર વિઝનમા રહેશે તથા દર મહિને તેમની ઓફિસમા હાજર રહેશે.

૩. સદર કામે તપાસ અર્થે કબજે લેવામા આવેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

૪. ફરીયાદ પક્ષ આરોપી પાસેથી રૂા.૯,૫૦,૦૦૦/– (અંકે નવ લાખ પચાસ હજાર પુરા) ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ કલમ–૧૫૪ (૫) મુજબ વિજ ચોરીનાં બિલની રકમ વસુલ મેળવવા હકકદાર રહેશે, તેનાં માટે અલગથી દાવો કરવાનો રહેશે નહીં, હુકમની અમલવારી સિવિલ કોર્ટ ની ડિક્રિ મુજબ દરખાસ્ત દાખલ કરીને થઇ શકશે.

૫. ક્રિ.પ્રો. કોડ કલમ–૩૬૩ મુજબ આરોપીને આ ચુકાદાની એક નકલ વિના મૂલ્યે આપવી.

૬. ક્રિ.પ્રો. કોડ કલમ–૩૬૫ મુજબ આ હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરને મોકલી આપવી.

૭. આ હુકમની યાદી પ્રોબેશન અધિકારીશ્રી તથા પી.જી.વી.સી.એલ.ને કરવી અને પ્રોબેશન અધિકારીએ દર છ મહિને આરોપીની ચાલ ચલગત અંગે રીપોર્ટ કરવો.

ચુકાદો આજરોજ તા.૨૯[મી] મે, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચી, સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

જામનગર.
તા.૨૯/૫/૨૦૨૬..
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 29/05/2026 17:01:15 IST.

(**નેહલકુમાર રાજેશભાઇ જોષી**)
સ્પેશીયલ (ઇલે.) જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર